# મોદીનો ર૬મીએ રાજ્યાભિષેક



## રાષ્ટ્રપતિ ભવન ખાતે મોદીના નેતૃત્વમાં એનડીએના નેતાઓ પણ રાષ્ટ્રપતિને મળ્યા : સમર્થન પત્રો સોંપ્યા

નવીદિલ્હી, તા. ૨૦

નરેન્દ્ર મોદી ૨૬મી મેના દિવસે દેશના વડાપ્રધાન તરીકે શપથ લેશે. આજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળ્યા બાદ નરેન્દ્ર મોદીએ પોતે આ અંગેની જાહેરાત કરતા મોદીની શપથવિધિ ક્યારે થશે તેને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. મોદીએ કહ્યું હતું કે, ૨૬મી મેના દિવસે સાંજે છ વાગે શપથવિધિ યોજવામાં આવશે. પ્રણવ મુખરજીએ ચૂંટણીમાં શાનદાર જીત બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા હતા. અગાઉ નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિને મળવા માટે રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સાથે વાતચીત બાદ રાજનાથસિંહે કહ્યું હતું કે, અમે વડાપ્રધાન તરીકે શપથ લેવા નરેન્દ્ર મોદીને આમંત્રિત કરવા રાષ્ટ્રપતિને અપીલ કરી હતી. રાજનાથે કહ્યું હતું કે, મોદી સરકાર ૨૬મી મેના દિવસે શપથ લેશે. એનડીએનું પ્રતિનિધિમંડળ

● અનુસંધાન પાન-૭ પર



આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

વૈભવમાં વધારો કરવાથી નહીં પરંતુ હૃદયને વિશાળ બનાવવાથી જ સુખમાં વધારો થાય છે

- જહોન રસ્કિન

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૦ | ૨૧ મે, ૨૦૧૪, બુધવાર; વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ભાવસભર તસવીર - સંસદ ભવનના ઉંબરે સર્જાયું ઐતિહાસિક ભાવસભર દશ્ય. પદનામિત પ્રધાનમંત્રી જીવનમાં પ્રથમવાર સંસદના પ્રવેશદ્વાર પાસે પહોંચ્યા ત્યારે લોકશાહીના મંદિરને દંડવત પ્રણામ કરી પ્રથમ ચરણ સ્પર્શ કર્યો હતો... સંસ્કાર અને સંસ્કૃતિનો અહેસાસ કરાવતી આ તસવીર ભારતના લોકશાહીના ઈતિહાસમાં સોનેરી પૃષ્ઠ પર સ્થાન લેશે... એવી જ બીજી તસવીર પ્રવચન દરમિયાન અડવાણીજીના 'કૃપા' શબ્દ પર ભાવવિભોર બનેલ નરેન્દ્રભાઈ મોદી આંસુને રોકી શક્યા ન હતા... ભારત મારી માતા છે... એ જ રીતે ભાજપ મારી માતા છે એમ બોલતા બોલતા આંખમાં આંસુ છલકાયા હતા અને ગદગદિત થઈ ગયા હતા.... આ બંને તસવીરો પદનામિત પ્રધાનમંત્રીની પ્રતિષ્ઠામાં તો વધારો કરશે જ પરંતુ ભારતીય સંસ્કારની ધરોહરને મજબૂત બનાવશે... આવો આ તસવીરને વર્ષો સુધી સ્મરણપટ પર સાચવી અને સંસ્કાર ઘડતરની દિશામાં એક કદમ મજબૂતાઈથી આગળ ધપાવીએ...

## NEWS બિટ્સ

### ● ૬૧ મહિલા સાંસદો ચુંટાતા નવો રેકોર્ડ

૧૬મી લોકસભામાં આ વખતે કુલ ૬૧ મહિલા ઉમેદવારો ચુંટાઈ આવ્યા છે. અત્યાર સુધીની તમામ લોકસભામાં આટલી સંખ્યામાં મહિલા ઉમેદવારો ચૂંટાયા હોય તેવું સહુપ્રથમ વખત બની રહ્યું છે. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ૫૮ મહિલા ઉમેદવારોએ જીત મેળવી હતી. હવે ૧૬મી લોકસભામાં ૬૧ મહિલા સાંસદો હશે.

### ● મોદી માટે તેરનો આંક લક્કી

૧૩ના આંકને સામાન્ય રીતે અપશુકનિયાળ માનવામાં આવે છે. પરંતુ નરેન્દ્ર મોદી માટે આ આંક ખુબ નસીબદાર પુરવાર થયો છે. કેટલાકે એનડીએ, યુપીએ, અન્ય પક્ષો અને ભાજપને મળેલી બેઠકોના આંકડાઓને વણી લઈને રસપ્રદ તારણ વહેતુ મુક્યુ છે. તે મુજબ ભાજપને ૨૮૩ બેઠકો મળી છે તેના અંકનો સરવાળો કરીએ તો ૧૩ થાય છે. એનડીએને ૩૩૭ બેઠકો મળી છે તેનો સરવાળો પણ ૧૩ થાય છે. મોદી માટે આ આંકડો શુકનવંતો એટલા માટે પણ છે કે ૧૩ સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે તેમના નામની જાહેરાત કરાઈ હતી.

### ● અમેરિકામાં મોદીના સ્વાગત માટે તડામાર તૈયારીઓ

ભારતના વડાપ્રધાન બનવા જઈ રહેલા નરેન્દ્ર મોદીના સ્વાગત માટે અમેરિકામાં પણ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાષ્ટ્રપતિ બરાક ઓબામા દ્વારા મોદીને અમેરિકા યાત્રાનું નિમંત્રણ મળ્યા બાદ ત્યાંના ભારતીય સમુદાયમાં ઉત્સાહનો માહોલ છે. સપ્ટેમ્બરમાં મોદી અમેરિકાની યાત્રાએ જાય તેવી સંભાવના છે. ભારતીય સમુદાયમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# આજે વિધાનસભાને મોદીનું ઐતિહાસિક સંબોધન

## ખાસ બેઠકમાં ગુજરાતના ધારાસભ્યો તેમને વિદાય આપશે : ૨૧મીએ ગુજરાતને નવા ચીફ મિનિસ્ટર પણ મળશે : ૨૨મીએ શપથવિધિ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભાના ઐતિહાસિક સત્રમાં ૨૧મી મે ના રોજ ભારતના પદનામિત -ાઈમ મિનિસ્ટર અને ગુજરાતના ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદી ઐતિહાસિક -વચન કરશે. મોદીને ભાવભરી વિદાય આપવા માટે વિધાનસભાનું આ ખાસ સત્ર બોલાવવામાં આવ્યું છે જેમાં તમામ પાર્ટીઓના ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

નરેન્દ્ર મોદી ૨૬મીએ ભારતના -ાઈમ મિનિસ્ટરના શપથ લેશે. તેમની સાથે કેબિનેટના સભ્યો પણ હશે. એ પહેલાં તેઓ ગુજરાતમાં બે દિવસનું રોકાણ કરશે અને ૨૧મીએ વિધાનસભાના સત્ર ઉપરાંત તેઓ બપોરના ત્રણ કલાકે રાજભવન જઈને ચીફ મિનિસ્ટર પદેથી રાજીનામું આપશે ત્યારબાદ તેઓ ગુજરાતના નવા ચીફ મિનિસ્ટરની વરણી કરવાના છે. ભાજપના એમએલએ ની બેઠકમાં હાજરી આપશે. મોદીની ઉપસ્થિતિમાં પાર્ટીના ઓબ્ઝર્વર અને -ભારી તરફથી સંભવત મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલના નામનો -સ્તાવ રજૂ થશે અને ધારાસભ્યો તેમને સમર્થન આપશે. જો કે પાર્ટીએ હજી સુધી કોઈ નામ જાહેર કર્યુ નથી.

સાંજના છ કલાકે ભાજપનું -તિનિધિમંડળ રાજયપાલ ડો.કમલા સમક્ષ જઈને નવા ચીફ મિનિસ્ટરના શપથવિધિ સમારોહનું આયોજન કરવાની વિનંતી કરશે ત્યારબાદ મોદી મણિનગરના ધારાસભ્ય પદેથી તેમનું રાજીનામુ વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાને સમર્પિત કરશે. આ સમયમાં તેઓ સચિવાલય સ્થિત હેલીપેડ ઉપર સરકારના અધિકારીઓ તેમજ કર્મચારીઓને સંબોધન કરશે. નવી સરકારના ચીફ મિનિસ્ટર તેમના કેબિનેટના સભ્યો સાથે ૨૨મી મે ના રોજ મહાત્મા મંદિરના સ્થળે શપથ લેશે. આ અવસરે નરેન્દ્ર મોદી હાજરી આપવાના છે. તેમની સાથે -દેશ ભાજપના નેતાઓ, ઉચ્ચ અધિકારીઓ તેમજ આમંત્રિતો આ -સંગે હાજર રહેશે.



# આવતીકાલે મુખ્યમંત્રી પદે આનંદીબેનનો શપથવિધિ

## ૨૨મીએ ૧૨.૩૯ કલાકે મહાત્મા મંદિરમાં શપથવધિ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે અત્યાર સુધી ચાલતી અનેક નામોની અટકળોનો અંત આવી ગયો હોવાનું મનાઈ રહ્યું છે. જયારે રાજયના નવા સી.એમ. તરીકે સિનિયર મંત્રી આનંદીબેનનું નામ નિશ્ચિત છે. આજે બપોરે મુખ્યમંત્રી મોદી રાજીનામું સુપ્રત કરી દેશે. ત્યારબાદ તા. ૨૨મીએ બપોરે ૧૨.૩૯ કલાકે આનંદીબેન ગુજરાતના પ્રથમ મહીલા મુખ્યમંત્રી તરીકે મહાત્મા મંદિરમાં શપથ લેશે.

લોકસભાની ચુંટણીમાં ભાજપને જંગી બહુમતી હાંસલ થયા બાદ ગુજરાતના રાજકારણમાં ધરખમ ફેરફાર થયાનું નિશ્ચિત હતું. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી પદેથી તા. ૨૧ મેના રોજ રાજીનામું આપી દેશે. બીજી તરફ છેલ્લા એક સપ્તાહથી નવા મુખ્યમંત્રી કોણ તે મામલે રાજકીય વર્તુળમાં ચર્ચા હોટ બની છે. રાજયના આમ નાગરિકમાં પણ નવા મુખ્યમંત્રી પદના દાવેદારોના નામની સતત ચર્ચાના લીધે રાજકીય ઉત્તેજના ગરમાઈ છે. જો કે હાલના સિનિયર મંત્રીઓ અને સંગઠનના કુલ અઢાર નેતાઓ ના નામો મુખ્યમંત્રી પદ માટે ટોપ યાદીમાં હોવાની વાત ઉંચકાયા બાદ આ મામલે લગભગ હવે પડદો ઉંચકાઈ ગયો છે. ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલનું નામ નિશ્ચિત છે. રાજકીય વર્તુળમાંથી પણ આ મામલે સંકેતો સ્પષ્ટ થઈ ગયા છે. આવા સંજોગોમાં પી.એમ. બનવા જઈ રહેલા મોદી ૨૧મીએ બપોરે રાજયપાલને રાજીનામું સુપ્રત કરશે જયારે નવા મુખ્યમંત્રીની વિધિવત વરણી બાદ તા. ૨૨મીએ ગુજરાતના નવા મુખ્યમંત્રી શપથ લેશે. ૨૨મીએ બપોરે ૧૨.૩૯ કલાકે આનંદીબેન પટેલ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે તે પણ એક ઐતિહાસિક ઘટના બની રહે છે.

## શપથવિધિ સમારોહમાં ત્રણ રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજરી આપશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના નવા મુખ્યમંત્રીની શપથવિધિ સમારોહમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપરાંત ઉદ્યોગ જગતના નામાંકિત ઉદ્યોગમાધાતાઓ પણ ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળે છે.

૨૨મી મે ના રોજ મહાત્મા મંદિર ખાતે ગુજરાતના નવા મુખ્યમંત્રીની શપથવિધિ સમારોહ યોજાનાર છે. આ શપથવિધિ સમારોહમાં ભાવિ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપ પ્રમુખ રાજનાથસિંહ, એલ.કે. અડવાણી, અરૂણ જેટલી સહિતના રાષ્ટ્રીય નેતાઓ ઉપરાંત ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ શીવરાજસિંહ ચૌહાણ, વસુંધરારાજે સીંધીયા, રમણસીંગ ગોવાના મુખ્યમંત્રી પરીકર ઉપરાંત ઉદ્યોગ જગતના માધાતા ગણાતા નામાંકિત ઉદ્યોગપતિઓ પણ આ શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળે છે.




## પ્રવેશ જાહેરાત

પ્રાચીન ગુરૂકુળ સમા સાતસો લીમડાઓની શિતળ છાયામાં ધોરણ-૬ થી ૧૨ પ્રાયમરીથી ઉચ્ચ શિક્ષણ ધોરણ-૧૧ થી ૧૨ આર્ટસ, કોમર્સ અને સાયન્સની સુવિધા સાથે કન્યા કેળવણી પુરી પાડતા ઉમા સંસ્કાર તીર્થ, ચંદ્રાલામાં માત્ર રૂ. ૧૦,૦૦૦/- જેવી ફી લઈને સઘન અભ્યાસ માટે ભણવા આવતી દિકરીઓને અહીં શૈક્ષણિક સગવડો, પાઠ્ય પુસ્તકો, નોટબુકો, યુનિફોર્મ, બુટ-મોજા અને મેડીકલ સારવાર સાથે છાત્રાલાયની અધતન સુવિધા ગાયના દૂધ સાથે બે ટાઈમ નાસ્તો તેમજ બે ટાઈમ સાત્વિક ભોજન આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૧થી ચાલતા પી.ટી.સી. તાલીમ કોર્ષ ચાલુ સાલે બંધ કરેલ હોવાથી છાત્રાલયમાં રહીને ભણવા ઈચ્છતી દિકરીઓને વધુ પ્રવેશ આપી શકાય તેમ છે. તો પ્રવેશ લેવા ઈચ્છતા વાલીશ્રીઓએ સંસ્થામાં આવી પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કરવી.

### ઉમા સંસ્કાર તીર્થ

ચંદ્રાલા, તા. જી. ગાંધીનગર. પીન-૩૮૨૩૨૧

સંસ્થા / કાર્યાલય નં. ૯૯૨૫૦ ૨૫૭૩૯

: કાર્યાલય સમય :

સોમવારથી શનિવાર : સવારે ૧૧-૦૦ સાંજે ૪-૦૦